# મારા વ્હાલા દીકરાને

- દિલીપ ભટ્ટ

RUDRA
PUBLICATION
...publishing positivity...
25/B, Govt. Society, B/h, Municipal Market. Off. C.G. Road,
Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**
Mumbai : M : 98212 95281 • 98692 75439

# મારા વહાલા દીકરાને

- દિલીપ ભટ્ટ

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

અગીયારમી આવૃતિ : મે ૨૦૧૪

ISBN : 978-93-80420-49-3

₹ **60/-**

o Creative Consultant o
**Rajiv Bhalani**

o Layout & Design o
**Manu Patel**

o Printing o
**Rudra Publication**

o Publisher o
**Adhia International**
Ahmedabad, India
www.mindtraininginstitute.net



# સપ્રેમ

આ પુસ્તક મારો લાડકો દીકરો ચિ.

......................................ને

સપ્રેમ અર્પણ કરતાં

હર્ષની લાગણી અનુભવું છું.

મારા દીકરા, આ પુસ્તકનો દરેક શબ્દ

મેં જ તને, તારા માટે લખ્યો છે,

એમ માનીને તું હૃદયમાં ધરજે.

યાદ રાખજે,

મારા આશીર્વાદ હંમેશા તારી સાથે છે.

# લેખકનું નિવેદન

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની લોકપ્રિયતાને કારણે બહુ ટૂંક સમયમાં નવી પાંચમી આવૃતિ પ્રગટ થઈ રહી છે તે આનંદની વાત છે. અનેક દીકરાઓના મારા પર પત્રો અને ફોન, ઇ-મેઇલ આવ્યા છે એ સહુ વાચંકોનો હું ખરા અંતઃકરણથી આભારી છું.

સંખ્યાબંધ વાંચકોએ આ પુસ્તકની અંગ્રેજી આવૃતિ અંગે પૂછપરછ કરી છે, એ આવૃતિ લગભગ તૈયાર થઈ ગઈ છે, અને શક્ય એટલી ઝડપથી પ્રકાશિત કરવામાં આવશે.

ડૉ. જિતેન્દ્ર અઢિયા દ્વારા એક નવા જ પ્રકારનું વૈચારિક પોઝિટિવ આંદોલન ચાલી રહ્યું છે. જ્યારે બધા જ આ જગતને બહારથી ઠીક કરવા નીકળી પડ્યા છે ત્યારે તેઓએ જિજ્ઞાસુ લોકોને ભીતરની સમૃદ્ધિ અપાવવાના જાણે કે શપથ લીધા છે. ડૉ. અઢિયાએ મારા પુસ્તકો ભારે ઉત્સાહપૂર્વક વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચાડવાની જિદ્દ કરી છે તે કોઈ પણ લેખક માટે રાજી થવા જેવું છે.

છેલ્લાં થોડાં વર્ષોથી હું તેમના આ યજ્ઞકાર્યમાં સક્રિય રીતે જોડાયો છું. તેમની નિષ્ઠા, નિખાલસતા અને વચનબદ્ધતા સહુને માટે પ્રેરક છે.

આ પુસ્તક એ જ દિશામાં એક જુદી રીતે ઉપાડેલું કદમ છે. પિતા દ્વારા પુત્રના અર્ધજાગ્રત મનનું પ્રોગ્રામિંગ અહીં કરવામાં આવ્યું છે. પોતાના પુત્રના સુખની મહેચ્છા રાખનાર કોઈ પણ પિતા આ પુસ્તક વાત્સલ્યપૂર્વક પોતાના પુત્રને આપી શકે અને એના ચોક્કસ સારાં પરિણામો મળે એવી મને ખાતરી છે.

ચિ. ભૌમિકને કેમ ભુલાય? એને માટે અને એના જેવા લાખો દીકરાઓ માટે આ પુસ્તક લખાયું તેને હું ધન્યતા માનું છું. 'મારી વહાલી દીકરીને'ની જેમ આ પુસ્તકને પણ વાચંકો વધાવી લેશે એવી શ્રદ્ધા છે. આપના પ્રતિભાવો મારો ઉત્સાહ અને આનંદ વધારશે.

writtenbydilipbhatt@yahoo.com — દિલીપ ભટ્ટ

# શબ્દરથના સારથી

શ્રી દિલીપ ભટ્ટ છેલ્લાં પચીસેક વર્ષથી અમદાવાદમાં પોતાની વિશિષ્ટ વાક્છટાથી જાણીતા છે. તેઓએ અત્યાર સુધીમાં અનેક જાહેર વ્યાખ્યાનો આપ્યાં છે. મજાની વાત એ છે કે તેઓ વર્ગ શિક્ષણ એટલે કે Classroom Teachingના પ્રખર પુરસ્કર્તા છે. આપણી નવી પેઢીના નવોદિત શિક્ષણવિદ હોવા ઉપરાંત તેઓ ઘણા સારા ગદ્યકાર છે. તેમની વાણીમાં જે મોહિની છે તેનો આપણામાંના ઘણાને અનુભવ છે. વ્યક્તિગત જીવનમાં તેઓ લેખક, પત્રકાર અને માધ્યમિક શિક્ષક તથા ઉચ્ચ શિક્ષણમાં ઈન્ટરનેટ જર્નાલિઝમના અધ્યાપક છે. તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના રિસર્ચ ફેલો છે.

'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'કૉફી હાઉસ' અને 'હૃદયકુંજ' જેવી લોકપ્રિય કોલમો તથા 'સંદેશ' દૈનિકમાં 'સુપ્રભાતમ્', 'સંસાર' અને 'પ્રતિબિંબ' જેવી વિખ્યાત કોલમો તેઓ લખી ચૂક્યા છે. એક વિરાટ વાચકવૃંદની ચાહના તેમને મળી છે. ગુજરાતીમાં તેમણે 'અસામાન્ય જ્ઞાન' નામે એન્સાઈક્લોપીડિક ગ્રંથ આપ્યો છે. ઉપરાંત મનોવિજ્ઞાનના ઊંડા અભ્યાસી હોવાને કારણે અર્ધજાગ્રત મનની શક્તિઓ પર આધારિત 'વામલોક' નવલકથા પણ પ્રગટ કરી છે. તેમનામાં વિશ્વની બે મહાભાષાઓ સંસ્કૃત અને અંગ્રેજીનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતનું અધ્યાપન કરી ચૂક્યા છે.

તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતનું અધ્યાપન કરી ચૂક્યા છે. તેઓ પ્રાથમિક શાળાના આચાર્ય પણ રહી ચૂક્યા છે, વર્ષો સુધી ઉચ્ચતર માધ્યમિકમાં અધ્યાપન કરી ચૂક્યા છે. યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણ કેન્દ્રમાં સંવાહક પણ રહી ચૂક્યા છે. હાલ તેઓ કોલેજમાં એડમિનીસ્ટ્રેટીવ ડાયરેક્ટરની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના આ બધા અનુભવોને કારણે વિદ્યાર્થીઓ સાથે તેમનું અજબ પ્રકારનું તાદાત્મ્ય રહ્યું છે.

પોતાના આજ સુધીના જીવનકાળ દરમિયાન અનેક સાધુ સંતો, સાધકો, રહસ્યમય જ્ઞાનમાર્ગીઓ તથા જિવાતી જિંદગીના ઉચ્ચ સ્તરના ઉપાસકો તથા દેશવિદેશના મોટિવેટર્સ - ટ્રેઈનર્સના સીધા સંપર્કમાં રહ્યા છે. તેઓ પોતે પણ ખૂબ સારા ટ્રેઈનર છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના અમદાવાદ ખાતેના ઈન્ટરનેશનલ સેન્ટર સાથે પણ તેઓ સંકળાયેલા છે. ઈન્ટરનેટની ઘણી વેબસાઈટો પર મનની અગાધ શક્તિઓ પરના તેમના મૌલિક, અનુભવપૂર્ણ તથા ચિંતનીય વિચારો પ્રગટ થયેલા છે. પૂર્વ અને પશ્ચિમના દેશોનાં પુસ્તકોનું તેમનું વ્યાપક વાચન પણ તેમની વાણીને દૈદીપ્યમાન બનાવે છે. સ્વભાવે લાગણીશીલ, સ્વાભિમાની, આત્મવિશ્વાસુ અને સાત્વિક હોવા ઉપરાંત તેઓ વિજ્ઞાન અને ટેક્નોલૉજી પરના અનેક લેખો લખી ચૂક્યા છે.

– ડૉ. જિતેન્દ્ર અઢિયા

# અનુક્રમણિકા


તારું જીવન મારા આશીર્વાદથી ભરપૂર છે.................................. ૯
જોજે, તારી માતાને વીસરી ન જતો ..................................૧૦
તું સુખી તો અમે સુખી ..................................................૧૧
સૌથી મોટામાં મોટી ચીજ છે જિંદગી ..................................૧૨
એટલે જ મારું અઢળક વ્હાલ વરસે છે.................................૧૩
આપણા હૃદય અને આત્મા તો એક જ છે................................૧૪
તો તેમણે જાણવું પડશે કે મારો પુત્ર શું છે ..............................૧૫
જ્યારે તું મારાથી ગભરાય છે ..........................................૧૬
તું હા કહેતા શીખે એ પહેલાં ના કહેતા શીખજે ..........................૧૭
દયાળુ થજે, પણ દયાપાત્ર તો નહીં જ....................................૧૮
તને આ બધું કદાચ ત્યારે જ સમજાશે ..................................૧૯
આ જગતે તારી પાસેથી ઘણું શીખવાનું છે ................................૨૦
તો સ્વાભિમાનની મોતીની માળા
તું જાતે જ ગૂંથતો રહે એ મારું સ્વપ્ન છે ..............................૨૧
સારા દેખાવાનો આધાર સારા હોવામાં જ છે ..............................૨૨
પણ તું સહુનો થઈને રહેજે બેટા..........................................૨૩
આ મહાન રાષ્ટ્રનું હિત તું ન ભુલતો.........................................૨૪
તારી પાછળ આવનારી પેઢીઓ માટે તું રસ્તાઓ બનાવતો જજે ..............૨૫
તારી સફળતાના જ બધા બને સહભાગી.....................................૨૬
એવા સુખનો જ તું હકદાર છે ...........................................૨૭
તારા પ્રભુતામાં પગલાં એટલે નવા જીવનનો ઉદય ! ..........................૨૮
અમે સહુ હંમેશા તારી સાથે છીએ દીકરા ! ................................૨૯
તારા સ્વરૂપે જ કુદરત મારા આંગણે રમે છે..................................૩૦
તારું અસ્તિત્વ એ જ મારો આનંદ..........................................૩૧
તું તારી લાગણીઓને વેડફી ન નાંખતો દીકરા...............................૩૨
તારી પોતાની ભીતર પણ ડૂબકી મારજે.....................................૩૩
એમાં જ તારું અને તારા ભવિષ્યનું ગૌરવ છે..................................૩૪

એવા નવા સમાજની જ તું ઝંખના રાખજે....................................૩૫
દરેક કામ તારે સ્હેજ વધુ સારું કરવાનું છે....................................૩૬
તું ગમે તેટલો મહાન થા મારા દીકરા પણ એ વડલાઓથી તું મોટો નથી ......૩૭
તારા સર્વોત્તમ સંકલ્પોના મહામૂલાં રત્નોને પામતો રહેજે .....................૩૮
તારા દરેક કદમ કદમ પર તને મળી છે ........................................૩૯
તારે કદી પાછા ફરવાનું નથી..............................................૪૦
તારી અને સફળતાની દોસ્તી અતૂટ છે, મારા પુત્ર .........................૪૧
તો પછીનું ડગલું ભરતા રોકાવું પડશે.......................................૪૨
તેઓ તારા પોતાના છે ......................................................૪૩
તું દેશને જિતાડજે ને જિવાડજે...............................................૪૪
તું તારા યુગને નફા તરફ લઈ જજે ..........................................૪૫
મારા પુત્ર તું આજથી જ ધારણા ધરજે .......................................૪૬
એક દિવસ તને તારું બાળપણ યાદ આવશે ...................................૪૭
મેં તને પૈસા માટે નથી ઘડ્યો, બેટા ...........................................૪૮
તારા ટીકાકારોને શ્રેષ્ઠ શિક્ષકો માની લેજે .......................................૪૯
કોઈનીય પ્રદક્ષિણામાં અટવાતો નહીં ............................................૫૦
સહુનું મીઠું મધુરું સ્મિત તને આવકારે છે ......................................૫૧
તારાં સત્કર્મો માટેનાં સાધનો એમાંથી જ બનશે...............................૫૨
તું તારી આંતરશક્તિની પણ આરાધના કરજે....................................૫૩
રોકાતો નહીં, ક્યાંય રોકાતો નહીં.................................................૫૪
સફળતાનો મુખ્ય આધાર તારી તીવ્ર મનોકામના છે ...........................૫૫
મેં તને સાચી સૌરભનો પરિચય કરાવ્યો છે ....................................૫૬
તું તારી જિંદગીના મેદાનમાં ટકી રહેજે .........................................૫૭
આભાર..........................................................................૫૮
અમારા ઉત્પાદનો ...............................................................૫૯
પ્રાપ્તિ સ્થાનો.....................................................................૬૧
હોમ ડિલિવરી ...................................................................૬૪

મારા દીકરા,

હું તને એટલે આટલું બધું ચાહું છું કે

તું બધાને ચાહી શકે.

મારો પ્રેમ કોઈ વાર ધોધની જેમ તને ઘેરી લે છે

અને તને મૂંઝવી પણ દે છે,

તે એટલા માટે કે

તું આ દુનિયાને સાચી રીતે ચાહે

ત્યારે તારો પ્રેમ કોઈને ઓછો ન પડે.

# તારું જીવન મારા આશીર્વાદથી ભરપૂર છે.

મારા વહાલા દીકરા,
હું હંમેશા તારાથી પ્રસન્ન છું, રાજી છું, ખુશ છું.

તું વધુ વિકાસ કરે એવી મારી અપેક્ષાને કારણે
કોઈવાર બે શબ્દ મારે તને કહેવા પડે,
તો એનો અર્થ મારી નારાજગી નથી.

તું મારો પુત્ર છે, શિષ્ય છે અને આગળ જતાં મિત્ર પણ છે.

મારા પ્રત્યેની તારી નિખાલસતા એ
મારી પિતા તરીકેની સફળતાનું પ્રથમ ચિહ્ન છે.

કોઈવાર મારા નિર્ણયનો સવિવેક તું વિરોધ કરે છે બેટા,
ત્યારે ખરેખર મને એ ગમે છે અને મને ખાતરી થાય છે કે,
યુગો સુધી આપણે એકબીજાને સમજી શકીશું,
કારણ કે વિરોધ કરવાની યોગ્યતા અને વિવેક
એ નવી પેઢીનો મહત્ત્વનો ગુણ છે,
જે તારામાં અંકુરિત થતો જોઉં છું દીકરા.

ક્યારેક તું મારા પરનો ગુસ્સો તારા કોમળ બે હોઠ પાછળ છુપાવે છે
ત્યારે તારા દરેક અવ્યક્ત શબ્દના પડઘા પડે છે
મારા હૃદયમાં..... તારી શાંતિ મારો આધાર છે,
મારા દીકરા, બધાં સત્ય તુરત સમજાતા નથી,
કેટલાંક સત્યને સમજવા માટે ધીરજ જોઈએ, જે તારામાં છે જ.

# જોજે, તારી માતાને વીસરી ન જતો

એણે પોતાનામાંથી જ તને ઘડ્યો છે દીકરા,
તારું સંપૂર્ણ અસ્તિત્વ એને આભારી છે.
એ તારી માતા છે, જીવનદાતા છે.

શિયાળાની કાતિલ ઠંડીની રાતે જાગતાં રહીને બેટા
એણે તારા કાનમાં મીઠાં હાલરડાંનો પ્રવાહ વહેતો રાખ્યો છે,
એણે હંમેશા તારી આંખમાં જ જોઈ છે આવતી કાલ.

દુનિયાની કોઈ માતા બાળકને જન્મ આપ્યાં પછી
કેવળ પોતાને માટે જ નથી જીવતી,
એ જીવે છે મુખ્યત્વે માત્ર પોતાના બાળકો માટે,
એનું વ્યક્તિત્વ પલટાય છે, એનું પત્નીત્વ સમેટાય છે,
ને ત્યાં પ્રગટે છે માતૃત્વ.

માતૃત્વ એટલે પરાર્થે પ્રાણાર્પણ.

એની આંખમાંથી આંસુ ન પડે
એની તું સંભાળ રાખજે મારા દીકરા.

તારા તમામ પ્રકારના સુખ માટે નિરંતર
પ્રાર્થના માત્ર તારી જનની જ કરે.

કદાચ કુદરત પણ માતાનું કહ્યું સાંભળે છે, અને હું પણ.
મારા દીકરા જો જે, સંસારની દડમજલમાં તારી માતાને વીસરી ન જતો.

# તું સુખી તો અમે સુખી

મારા વ્હાલા દીકરા, તારા ખભે કાવડમાં બેસીને
બંધ આંખે અમે જાતરા ન કરીએ
તો પણ તું અમારો એ જ શ્રવણ છે
એ અમે જાણીએ છીએ.

અમારા સૂકા કંઠમાં અમૃત જેવાં મીઠાં જળ
પહોંચાડવા માટે તું તારા હૃદયમાં
જીવલેણ તીર સહન કરી શકે છે
એ અમે જાણીએ છીએ.

વહાલા દીકરા, માત્ર શ્રળણના જ નહીં,
તમામ દીકરાઓના માતાપિતા બંધ આંખે, અંધ આંખે
પોતાનાં સંતાનો પર વિશ્વાસ રાખીને
જિંદગી પસાર કરતા હોય છે.

જે હાથે એક દિવસ તને હીંચકાવ્યો હતો
એ જ હાથની તું ટેકણ લાકડી બનવાનો છે બેટા.

તું અમારી સેવા કરે એના કરતાંય
સૌથી મોટી વાત અમારે માટે એ છે કે
તું જ્યાં હો ત્યાં કાયમ
વિકસતો, સંપન્ન, પ્રેમાળ અને સ્વાધીન હો,
એ જ છે અમારે માટે સૌથી મોટું સુખ.

# સૌથી મોટામાં મોટી ચીજ છે જિંદગી

બેટા, આ જગત વિસ્મય અને આનંદથી છલકાય છે,
એનાથી આપણે જેટલા વધુ દૂર એટલું દુઃખ,
જેટલા નજીક એટલું સુખ.

મારા વ્હાલા દીકરા,
તારા પર દુઃખનો પડછાયો પણ ન પડે
એમ હું તો ઈચ્છું,
પણ દુઃખ નામના રસાયણ વિના જીવનના
કર્મ, ધર્મ અને મર્મને તું શી રીતે પામીશ?

એટલે જ્યારે પણ દુઃખની ડાળ તારા અસ્તિત્વ તરફ ઝૂકે
કે તુરત જ તું એમાંથી જ્ઞાનના ફળને તોડી લેજે બેટા.

મનુષ્ય તરીકે એ ફળ પર આપણો અધિકાર છે,
કારણ કે પૃથ્વી પરના સૌથી પહેલા મનુષ્યોને
એ જ ફળ પ્રાપ્ત થયું હતું.

આ જગત એ ફળના માધુર્યનો જ વિસ્તાર છે.
આપણું હોવું એ સૌથી મોટી અને નિત્ય રોમાંચક ઘટના છે,
સૌથી મોટામાં મોટી ચીજ છે જિંદગી,
મારા દીકરા,
તું તારી જિંદગીને મહામૂલા ખજાનાની જેમ જાળવજે.